જા.ન/પગાર/ડેટા/ઓકટોબર/૨૦૨૨/૧૯૪૩૦

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઈન્સ,સુરત
તા.૦૩/૧૦/૨૦૨૨.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જિ-સુરત.

વિષય:- જુલાઈ-૨૦૨૨ તથા ઓગસ્ટ-૨૦૨૨ મોંઘવારી તફાવતની રકમ તથા અન્ય ભથ્થાઓ ઓકટોબર-૨૦૨૨ના પગાર બીલ સાથે રજુ કરવા બાબત.

સંદર્ભ:- (૧) ગુજરાત સરકાર નાણા વિભાગનાં ઠરાવ ક્રમાંક: વલભ/૧૦૨૦૧૬/જીઓઆઈ -૭-ચ, સચિવાલય ગાંધીનગરનાં તા-૧૭/૦૮/૨૦૨૨.

(૨) કમિશનરશ્રી શાળાઓની કચેરી ગાંધીનગરનાં પત્ર ક્રમાંક:ઘ/માધ્ય/અન દ-૧/૨૦૨૨/૧૩૯૯૯-૧૪૦૩૫, તા-૧૭/૦૮/૨૦૨૨.

(૩) મદદનીશ શિક્ષણ નિયામકશ્રી (માધ્યમિક) ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: અનદ-૧/ઘ/માધ્ય/૨૦૨૨/૧૭૬૦૯-૬૪૬, તા-૨૬/૦૯/૨૦૨૨.

(૪) મદદનીશ શિક્ષણ નિયામકશ્રી (માધ્યમિક) ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: અનદ-૧/ઘ/માધ્ય/૨૦૨૨/૧૭૫૭૦-૬૦૭, તા-૨૬/૦૯/૨૦૨૨.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આ કચેરી હસ્તક આવેલ સુરત જિલ્લાની ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/સંસ્કૃત પાઠશાળા માટે ઓકટોબર-૨૦૨૨ માટે પગારનાં ડેટા નીચે મુજબની તારીખે સ્વીકારવામાં આવશે. તે મુજબ સમય મર્યાદામાં પગારનાં ડેટા બિનચૂક રજુ કરવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | તારીખ/વાર | શાળા નંબર | સ્થળ | સમય |
|---|---|---|---|---|
| ૧ | તા.૦૬/૧૦/૨૦૨૨ ગુરુવાર | ૧ થી ૨૨૯ તથા ૨૪૯,૨૫૦,૨૫૧,૨૫૪,૨૫૬, ૨૫૮, ૩૦૧,૨૫૨,૨૫૭,૨૬૧,૨૭૩ | ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કુલ,નાનપુરા,સુરત | સવારે ૧૧-૦૦ થી ૦૫-૦૦ સુધી |

(૧) મોંઘવારી તફાવત:-

ઓકટોબર-૨૦૨૨ પગાર ડેટામાં જુલાઈ-૨૦૨૨ થી ઓગષ્ટ-૨૦૨૨ કુલ (બે) માસનાં મોંઘવારી ભથ્થા તફાવત મળવાપાત્ર મોંઘવારી ભથ્થું ૩૪% તેમજ મેળવેલ મોંઘવારી ભથ્થું ૩૧% મુજબનાં સાતમાં પગાર પંચના મૂળ પગાર પ્રમાણે ગણતરી કરી તફાવત પત્રક સામેલ રાખી મળવાપાત્ર મોંઘવારી ભથ્થાની રકમ RT-12 માં E-15-DA ARREARS માં રકમ દર્શાવી ડેટા રજુ કરવાનાં રહેશે. મોંઘવારી તફાવત સિવાયનાં RT-12 જો હોય તો અલગથી રજુ કરવાનાં રહેશે.

(૨) ઘરભાડા ભથ્થા બાબત:-

સંદર્ભ પત્ર ૩ મુજબ ઘરભાડા ભથ્થાના દરોમાં સુધારો કરવામાં આવેલ છે. ઓકટોબર-૨૦૨૨નાં પગારબીલ સાથે નિયત નમૂનામાં RT-03માં કોડ E-4માં તથા ઘરભાડાં ભથ્થાની ગણતરી પત્રક સાથે રજુ કરવાનું રહેશે.

(૩) સ્થાનિક વળતર ભથ્થા (CLA) બાબત:-

સંદર્ભ પત્ર ૪ મુજબ સ્થાનિક વળતર ભથ્થામાં દરોમાં સુધારો કરવામાં આવેલ છે. ઓકટોબર-૨૦૨૨નાં પગારબીલ સાથે નિયત નમૂનામાં RT-૦૩માં કોડ E-૩માં રજુ કરવાનું રહેશે.

ઘરભાડા ભથ્થું તથા સ્થાનિક વળતર ભથ્થું બંન્નેનાં RT-૩ અલગ-અલગ ભરવાના રહેશે. બંને ભથ્થા સિવાયનાં જો કોઈ RT-૩ હોય તો તે પણ અલગથી રજુ કરવાનાં રહેશે.

હિસાબી અધિકારી(વર્ગ-૨)
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત, જિલ્લો-સુરત.